# રાજપુર બનાસ બેંક શાખાના મનેજર દ્વારા પાંચ લાખની ઉચાપત

## લુઝ ચેકોનો દુરુપયોગ કરી ખાતા ધારકના રૂપિયા ઉપાડી લીધા

બેંકોના ઉઠમણા વચ્ચે બેંકના જવાબદાર અધિકારીઓ ખુદ ઉચાપત કરતા સામાન્ય પ્રજાનો બેંકો ઉપરથી વિશ્વાસ ઉઠી રહ્યો છે પ્રજાના પરસેવાની કમાણીને આ રીતે ચાઉ કરી જવાની ઘટનાઓ જાણે હવે સામાન્ય બની ગઈ છે ત્યારે જિલ્લામાં આપણી બેંક બનાસ બેંકના હુલામણા નામે ઓળખાતી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ બેકની રાજપુર શાખાના મનેજર દ્વારા પણ પાંચેક લાખની ઉચાપત પ્રકાશમાં આવતા પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે.

આ અંગેની પોલીસ મથકથી પ્રાપ્ત વિગતો અનુસાર ડીસા તાલુકાના રાજપુર ગામે બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કની શાખા આવેલી છે જેમાં શાખા મેનેજર તરીકે માનસિંહભાઈ વિસાભાઈ ચૌધરી (રહે. આકલવા તા.હારીજ જી. પાટણ ) તારીખ ૩૧/૫/૧૭ થી ફરજ બજાવતા હતા. તેમની બદલી તારીખ ૪/૬/૧૮ ના રોજ રાજપુર શાખામાંથી રાજગઢી પાલનપુર શાખા ખાતે કરવામાં આવેલ. જો કે માનસિંહભાઈ ચૌધરીએ રાજપુર શાખામાં ફરજ દરમિયાન બેંકના ગ્રાહક ભગવતીબેન નારણદાસ બારમેરા (રહે.રાજપુર ) ના સેવિંગ ખાતા ( નમ્બર ૧૧૮૦૦૧૧૬૩૨૭૦) માંથી ખોટી રીતે તારીખ ૯/૪/૧૮ના રોજ રૂપિયા ૪,૦૦,૦૦૦ (ચાર લાખ ) તેમજ તારીખ ૨/૬/૧૮ ના રોજ રૂપિયા ૧,૦૦,૦૦૦ (એક લાખ ) ઉપડેલા હોવાની લેખિત અરજી ભગવતીબેન બારમેરા દ્વારા બેંકની પાલનપુર મુખ્ય કચેરીમાં થઈ હતી. આ બાબતની તપાસ બેન્ક મેનેજર ભવનભાઈ પટેલ દ્વારા વિઝીલન્સ સેલ પાલનપુરને સોંપવામાં આવી હતી. તેની તપાસ બાદ આ મામલે રાજપુર બેન્કના મેનેજર માનસિંહભાઈ વિસાભાઈ ચૌધરી દ્વારા બેન્કના લુંઝ ચેકનો ખોટી રીતે દુરુપયોગ કરી ખાતા ધારક ભગવતીબેનની ખોટી સહીઓ કરી પાંચ લાખ રૂપિયા ઉપાડી હોદાનો પણ ખોટો દુરુપયોગ કર્યાનું ખુલ્યું હતું. જે મામલે બ્રાન્ચ ઓડિટર શૈલેષકુમાર ત્રિભુવનભાઈ ત્રિવેદીએ ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે મેનેજર સામે ઈ. પી. કો. કલમ ૪૨૦, ૪૦૬, ૪૦૮ અને ૪૦૯ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાતમાં વિદ્યાર્થીઓને ઘરે બેઠાં જ ચેનલો દ્વારા શિક્ષણ

## વિદ્યાર્થીઓના અભ્યાસ ન બગડે તે હેતુસર નિર્ણય : કોરોના વાયરસના કારણે શાળાઓ બંધ હોવાથી વિદ્યાર્થીને હાલમાં નુકસાન : રાજ્ય સરકારની મોટી મહત્વની પહેલ

ગાંધીનગર,તા. ૧૮

વિશ્વભરમાં જીવલેણ કોરોના વાયરસને લઈ હાહાકાર મચી રહ્યો છે. ત્યારે હજુ સુધી ગુજરાતમાં એકપણ કોરોનાનો કેસ નોંધાયો નથી તે ઘણી રાહતની વાત છે પરંતુ રાજય સરકાર અને સમગ્ર તંત્ર દ્વારા કોરોના વાયરસની અસર રાજયમાં ત્રાટકે નહી તે માટે અગમચેતીના ભાગરૂપે જુદા જુદા આરોગ્ય વિષયક અને મહત્વના નિર્ણય લેવાઈ રહ્યા છે. જેમાં ગુજરાતભરની શાળાઓ ૨૯ માર્ચ સુધી બંધ રાખવામાં આવી છે ત્યારે રાજય સરકારે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે નહીં એ હેતુસર એક નિર્ણય કર્યો છે. જો કે, વિદ્યાર્થીઓનું શિક્ષણ બગડે નહી અને અભ્યાસમાં ગેપ ના પડે તે હેતુથી સરકારે રાજયના વિદ્યાર્થીઓને પ્રાદેશિક ટીવી ચેનલ્સના માધ્યમથી અભ્યાસ કરાવવાનો મહ્ત્વનો નિર્ણય લીધો છે. જે મુજબ, રાજયભરમાં, ધોરણ-૭ થી ૯ અને ધોરણ-૧૧ના વિદ્યાર્થીઓને મહત્વના વિષયોનું રિવિઝન-પુનરાવર્તન જે તે વિષય નિષ્ણાંત શિક્ષકોની મદદથી પ્રાદેશિક ચેનલ્સના માધ્યમથી કરાવવામાં આવશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજયની શાળાઓના વિદ્યાર્થીઓના અભ્યાસ હિતનો દેશભરમાં પ્રથમ નવતર પહેલરૂપ વિદ્યાર્થીલક્ષી નિર્ણય કર્યો છે. વિશ્વભરમાં ફેલાયેલા કોરોના વાયરસની પ્રવર્તમાન પરિસ્થિતિમાં રાજયની શાળા-કોલેજોના વિદ્યાર્થીઓને આ વાયરસથી સંક્રમિત થતા બચાવવા તકેદારી રૂપે રાજયની શાળા-કોલેજો બંધ હોવાથી શાળાના બાળકોનો અભ્યાસ ન બગડે તે માટે વિજય રૂપાણીએ એક અભિનવ પ્રયોગ દ્વારા દેશમાં શાળા-શિક્ષણ પ્રાદેશિક ચેનલ્સના માધ્યમથી વિદ્યાર્થીઓને ઘરે બેઠા પુરૂં પાડવાનો સંવેદનસ્પર્શી અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રીના દ્રષ્ટિવંત નેતૃત્વ અને પ્રેરણા માર્ગદર્શનથી ગુજરાત સમગ્ર દેશમાં આ પ્રકારની પહેલ કરનારૂં પ્રથમ રાજ્ય બન્યું છે. મુખ્યમંત્રીના આ નિર્ણય અનુસાર રાજયની શાળાઓના ધોરણ ૭ થી ૯ અને ધોરણ-૧૧ના વિદ્યાર્થીઓને મહત્વના વિષયોનું રિવિઝન-પૂનરાવર્તન જે તે વિષય નિષ્ણાંત શિક્ષકોની મદદથી પ્રાદેશિક ટી.વી ચેનલ્સ દ્વારા કરાવાશે. વિદ્યાર્થીઓ પ્રવર્તમાન પરિસ્થિતીમાં ઘેર બેઠા સુરક્ષિત રહી ટી.વી ચેનલના માધ્યમથી વિષયોનું રિવિઝન—અભ્યાસ કરી શકશે. આવતીકાલ ગુરૂવાર તા. ૧૯ માર્ચથી ૨૮ માર્ચ સુધી દરરોજ આ પ્રકારે ૧-૧ કલાકનું ઓનલાઈન શિક્ષણ ટી.વી ચેનલ્સ દ્વારા અપાશે. તદઅનુસાર ધોરણ-૭ થી ૯ માં ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી વિષયોનું વિષય નિષ્ણાંત શિક્ષકો દ્વારા શિક્ષણ અપાશે તેમજ ધોરણ-૧૧માં ફિઝીકસ, કેમેસ્ટ્રી, બાયોલોજી, મેથ્સ, એકાઉન્ટન્સીના વિષયોનો અભ્યાસ વિષય નિષ્ણાંત શિક્ષકો કરાવશે. મુખ્યમંત્રીના આ નિર્ણય મુજબ ધોરણ-૭ ના ક્રમશઃ વિજ્ઞાન, અંગ્રેજી અને ગણિતના વિષયોનું રિવીઝન—શિક્ષણ ન્યૂઝ-૧૮ ગુજરાતી ચેનલ પરથી બપોરે ૧૨ થી ૧, મંતવ્ય ચેનલ પરથી બપોરે ૩ થી ૪ અને જીટીપીએલ ચેનલ પરથી બપોરે ૧૧-૩૦ થી ૧૨-૩૦. ધોરણ-૮ના ક્રમશઃ વિજ્ઞાન, અંગ્રેજી અને ગણિતના વિષયોનું રિવીઝન—શિક્ષણ વી-ટીવી પરથી બપોરે ૨ થી ૩, ઝી-૨૪ કલાક પરથી બપોરે ૧૧ થી ૧૨ અને વી-આર લાઈવ પરથી સાંજે ૫ થી ૬. ધોરણ-૯ના ક્રમશઃ વિજ્ઞાન, અંગ્રેજી અને ગણિતના વિષયોનું રિવીઝન — શિક્ષણ એપીબી અસ્મિતા પરથી બપોરે ૨ થી ૩, જીએસટીવી પરથી સાંજે ૪ થી ૫ અને નિર્માણ ન્યૂઝ પરથી સાંજે ૫ થી ૬ દરમિયાન અપાશે.

## ચૈત્ર સુદ-૧ થી અંબાજી મંદિરમાં આરતી અને દર્શનનો સમય

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટની અખબારી ખાદીમાં જણાવ્યું છે કે, શ્રી અંબાજી માતા મંદિર, અંબાજીમાં યાત્રાળુઓની સગવડતા ખાતર ચૈત્ર સુદ-૧ (એકમ) બુધવારને તા.૨૫/૩/૨૦૨૦થી ચૈત્ર સુદ-૮ (આઠમ)ને તા.૧/૪/૨૦૨૦ બુધવાર સુધી માતાજીની આરતી તથા દર્શનનો સમય નીચે મુજબનો રહેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

ઘટ સ્થાપન ચૈત્ર સુદ-૧ (એકમ) બુધવાર તા.૨૫/૩/૨૦૨૦ના સવારે-૮.૧૫ થી ૮.૪૫ કલાકે આરતી સવારે-૭.૦૦ થી ૭.૩૦ દર્શન સવારે- ૮.૦૦ થી ૧૧.૩૦ રાજભોગ બપોરે-૧૨.૦૦ કલાકે

દર્શન બપોરે- ૧૨.૩૦ થી ૧૬.૩૦ આરતી સાંજે-૧૯.૦૦ થી ૧૯.૩૦ દર્શન સાંજે-૧૯.૩૦ થી ૨૧.૦૦ ચૈત્ર સુદ-૮ (આઠમ) તા.૧/૦૪/૨૦૨૦ના રોજ આરતીનો સમય સવારે-૬.૦૦ કલાકે

ચૈત્ર સુદ-૧૫(પૂનમ) તા.૮/૦૪/૨૦૨૦ના રોજ આરતીનો સમય સવારે-૬.૦૦ કલાકે ચૈત્ર સુદ-૯(નવમ) તા.૨/૪/૨૦૨૦ ગુરૂવારથી વૈશાખ સુદ-૨ (બીજ) તા.૨૫/૪/૨૦૨૦ શનિવાર સુધી માતાજીની આરતી તથા દર્શનનો સમય નીચે મુજબ રહેશે.

આરતી સવારે-૭.૦૦ થી ૭.૩૦ દર્શન સવારે-૮.૦૦ થી ૧૧.૩૦ રાજભોગ બપોરે-૧૨.૦૦ કલાકે

દર્શન બપોરે- ૧૨.૩૦ થી ૧૬.૩૦ આરતી સાંજે-૧૯.૦૦ થી ૧૯.૩૦ દર્શન સાંજે-૧૯.૩૦ થી ૨૧.૦૦



શહેરમાં વર્ષોથી ઘ-૨ પાસે પાનના ગલ્લાનો ધંધો કરી ગુજરાન ચલાવતા નવિનભાઈ જયસ્વાલે તેમના સ્વ પુત્ર નિર્મલને શ્રધ્ધાંજલી અર્પવા માટે સદગતના આત્માની શાંતિ પ્રાર્થના સાથે સરકારી શાળાના બાળકોને ગરમ નાસ્તા સાથે ચોકલેટનુ વિતરણ કરે છે. પુત્રની યાદમાં આ વર્ષે પણ નવિનભાઈ દ્વારા સે-૨૪ ની સરકારી શાળાના બાળકોને નાસ્તા તેમજ ચોકલેટનુ વિતરણ કરાયુ હતુ. ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પાણીની પરબ સેવા પણ પુરી પાડવામાં આવે છે.

### કોરોના વાઈરસના નામે લૂંટ...!!

# સાબરકાંઠા જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ માસ્ક, સેનેટાઈઝર વધુ ભાવ ખંખેરતા કેમિસ્ટો સામે તવાઈ

કોરોના વાયરસનો પ્રકોપ અને દહેશતની વચ્ચે લોકો તેનો ફાયદો ઉઠાવાની કોશિષ કરી રહ્યા છે. કોરોના વાઈરસના પગલે માસ્ક અને સેનેટાઈઝરનો ઉપયોગ માં વધારો થતા રાતોરાત માસ્ક અને સૅનેટાઈઝરના ભાવમાં અનેક ગણો વધારો થઈ ગયો છે. સાથો સાથ કાળાબજાર પણ શરૂ થઈ ગયા છે. માસ્ક (૨ પ્લાઈ અને ૩ પ્લાઈ સર્જીકલ માસ્ક, એન૯૫ માસ્ક) અને હેન્ડ સેનેટાઈઝર શોર્ટેજ જોવા મળી રહી છે

ઉત્તર ગુજરાતમાં કેમિસ્ટો માસ્ક અને સૅનેટાઈઝરના વધુ ભાવ ખંખેરતા હોવાની બૂમો ઉઠતા સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા ફૂડ ૠ ડ્રગ્સ વિભાગે બંને જીલ્લાના હોલસેલ અને રિટેલ વેપારીઓને ત્યાં તપાસ આદરી દીધી છે કોઈ પણ હોલસેલ કેમિસ્ટ કે રિટેલ કેમિસ્ટ એમઆરપી કરતા વધુ ભાવ લેતો ઝડપાશે તો શખ્ત કાર્યવાહી કરવામાં આવશેની ચીમકી ઉચ્ચારી હતી બીજીબાજુ જીલ્લા કેમિસ્ટ એશો. પણ કેમિસ્ટોને ગ્રાહકો પાસેથી વ્યાજબી ભાવે અને નફા સિવાય વધુ ચાર્જ નહિ વસૂલવા સતત અપીલ કરી રહ્યું છે.



ઉત્તર ગુજરાત સહીત સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં કોરોના વાઈરસના ભયના ઓથાર હેઠળ લોકો માસ્ક અને સેનેટાઈઝર મોટી માત્રામાં ખરીદી કરી રહ્યા છે હાલ બજારમાં માસ્ક અને સૅનેટાઈઝરનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબદ્ધ ન હોવાથી શોર્ટેજ સર્જાતા કાળા બજાર શરુ થઈ જતા ગ્રાહકો પાસેથી વધુ નાણાં ખંખેરવામાં આવતા હોવાની બૂમો ઉઠતા સાબરકાંઠા-અરવલ્લી ફૂડ ૠ ડ્રગ્સ વિભાગ તંત્રે બંને જીલ્લાના હોલસેલ અને રિટેલ કેમિસ્ટ દુકાનોમાં તપાસ આદરી દીધી છે કોઈ પણ હોલસેલ કે રિટેલ કેમિસ્ટ ગ્રાહકો પાસેથી માસ્ક અને સૅનેટાઈઝરના વધુ નાણાં ખંખેરતો ઝડપાશે તો તેની સામે શખ્ત કાર્યવાહી કરવામાં આવશેની માહિતી ફૂડ એન્ડ ડ્રગ્સ તંત્રના અધિકારીઓ પાસેથી પ્રાપ્ત થઈ હતી.

ડબ્લ્યૂ.એચ.ઓ એ પેનેડેમીક જાહેર કરેલા નોવેલ કોરોના વાઈરસને લઈને વિશ્વમાં ફેલાયેલી મહામારી સાબરકાંઠા-અરવલ્લી કેમિસ્ટ ૠ ડ્રગીસ્ટ એસોસીએશને પણ હોલસેલ અને રિટેલ કેમિસ્ટ મિત્રોને વિશ્વમાં કોરોના વાઈરસ થી સર્જાયેલ આપત્તિમાં માનવતાના ધોરણે ફેસ માસ્ક કે સેનેટાઈઝરના વેચાણમાં ન્યુનતમ નફો લઈ વ્યાજબી ભાવે વેચાણ કરવામાં આવેની સતત અપીલ કરવામાં આવી રહી છે.

# રસ્તા પર રઝળતી હાલતમાં ધોરણ-૧૦ની ઉત્તરવહીઓ મળી

## બોર્ડના વિદ્યાર્થીઓનું પરિણામ રસ્તા પર રઝળ્યું : ઉંડી તપાસ : વાહનની વિન્ડો ખુલી જતા ઉતરવાહી પડી ગઈ હશે તેવા ડીઈઓના નિવેદનથી વધુ નારાજગી : શિક્ષણ તંત્રમાં ચકચાર : ઉતરવહી કોની છે તેને લઈ ચકાસણી

ગાંધીનગર, તા.૧૮

રાજકોટ-ગોંડલ નેશનલ હાઈવે પર વીરપુર નજીક ઓવરબ્રીજ પાસે રસ્તા પરથી ગુજરાતી ભાષાની ઢગલાબંધ ઉત્તરવહી મળી આવતાં રાજયનું શિક્ષણ તંત્ર અને સરકારી તંત્ર દોડતુ થઈ ગયુ હતું. રસ્તે રઝળતી મળેલી આ ઉત્તરવહી ધો.૧૦ના વિદ્યાર્થીઓની હોવાનું મનાઈ રહ્યું છે. ફાટેલી હાલતમાં ઉત્તરવહી કોણ નાંખી ગયું તે તપાસનો વિષય બન્યો છે. તો બીજીબાજુ, મહેસાણાના પરીક્ષાર્થીઓની ઉત્તરવહી હોવાની શંકા છે. રાત-દિવસ ઉજાગરા કરી પરીક્ષા આપી હોય તેવા વિદ્યાર્થીઓની ઉત્તરવહી રસ્તા પર રઝળતી હાલતમાં મળતા શિક્ષણ જગતમાં ચર્ચાનો વિષય બન્યો છે. તેમજ મહેસાણાથી વીરપુર મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર ખાતે ચેકીંગમાં વિજ્ઞાન વિષયની ઉત્તરવહીઓની બસ જઈ રહી હતી. ત્યારે ત્રણ પાર્સલ ગોંડલ નેશનલ હાઈવે મેલડી માતાજીના મંદિર પાસે પડેલા જોવા મળ્યા હતા. આ ઉત્તરવહીઓ કોઈ ફેંકી ગયું છે કે પછી મહેસાણાના વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ તપાસવા માટે લાવવામાં આવતી વખતે ભૂલને કારણ રસ્તા પર પડી ગઈ હોવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. બ્રીજ પરથી જે ઉત્તરવહીઓ મળી આવી છે તેમાંથી મોટાભાગની ઉત્તરવાહીઓ ફાટી ગઈ છે. કારણ કે રસ્તા પર પડ્યા બાદ તેના પરથી અનેક વાહનો પસાર થયા હતા.આ ઉપરાંત પવનને કારણે ઉત્તરવહીઓ આમતેમ ઉડતી જોવા મળી હતી. અનેક ઉત્તરવહીઓના પાના ફાટી ગયા હતા તેમજ બ્રિજ પર આમતેમ ઉડતા જોવા મળ્યા હતા. આ અંગે રાજકોટ ડીઈઓ આર.એસ. ઉપાધ્યાયએ જણાવ્યું હતું કે, આ મૂલ્યાંકન માટે જતી ઉત્તરવહીઓ છે, રાજકોટ છે જ એવું નથી. મારી પાસે હાલ ૨૫થી ૩૦ ઉત્તરવહીઓ જ આવી છે. આગામી સમયમાં શું કરવું તે માટે ગાંધીનગરથી શિક્ષણ સચિવની ટીમ રવાના થઈ ગઈ છે. તેમા માર્ગદર્શન હેઠળ પોલીસ કાર્યવાહી કરવામાં આવશે. હાલ તપાસ ચાલુ છે. આ ઉત્તરવહીઓ અમે કબ્જે કરી છે. હું આ હાઈબોન્ડ કંપનીના ડ્રાઈવરનો આભાર માનુ છું કે તેણે ઉત્તરવહીઓ કબ્જે કરી અમને સોંપી છે. આ ઉત્તરવહીઓ હું ગુજરાત માધ્યમિક બોર્ડને જમા કરાવું છું. ગુજરાત માધ્યમિક બોર્ડ આ અંગે નિર્ણય કરશે. જે કોઈ વ્યક્તિ જવાબદાર હશે તેની વિરૂદ્ધ સખ્તમાં સખ્ત કાર્યવાહી કરવામાં આવશે. દરમ્યાન ગોંડલના વીરપુર ઓવરબ્રીજ પાસેથી ધો.૧૦ની ગુજરાતી ભાષાની ઉત્તરવહીઓ મળવાને લઈને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કડક કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.



## વડગામમાં કોરોના વાયરસને લઈ પ્રચાર પ્રસાર કરાયો

સમગ્ર વિશ્વમાં હાલ કોરોના વાયરસ ને લઈ ને લઈ ને કટોકટી ઉભી થઈ છે. કોરોના વાયરસને લઈને સરકાર તેમજ ઉચ્ચ વહીવટી તંત્ર ચિંતિત છે.ગુજરાત ભરમાં કોરોના ના વાયરસનાં પગલે વહીવટી તંત્ર તેમજ આરોગ્ય તંત્ર સાબદું બનીને ઠેર ઠેર લોકોમાં જાગૃતિ અંગેના પ્રચાર પ્રસાર કરવા માં આવે છે.ત્યારે વડગામ શહેરમાં પણ કોરોના વાયરસ ની જાણકારી માટે વડગામ તાલુકા હેલ્થ ઓફિસ દ્વારા વડગામ ખાતે બસ સ્ટેન્ડ વિસ્તારમાં પ્રચાર કરવામાં આવ્યો હતો આ પ્રચારમાં તાલુકા માહિતી-પ્રસારણ અધિકારી ડોડીયા ભાઈ દ્વારા લોકોને કોલાનાં ના વાયરસની માહિતી આપવામાં આવી હતી.

## ડીસા આખોલ ચાર રસ્તા નજીક ગાડીમાં જુગાર રમતાં ચાર પકડાયા

ડીસાના આખોલ ચાર રસ્તાથી નજીકના ભીલડી હાઈવે પર ઉભેલી જીજે-૦૧-ડીટી- ૫૫૫૧ નંબરની ઈકો ગાડીમાં જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમી ડીસા તાલુકા પોલીસને મળી હતી. મંગળવારે મોડી સાંજે બાતમીવાળા સ્થળે ઓચિંતિ રેડ કરી હતી. જેથી ઈકો ગાડીમાં જુગાર રમતાં રાજુજી સેધાજી પરમાર (આખોલ નાની, ડીસા), વિષ્ણુસીગ બેચરસીગ પરમાર (આખોલ મોટી, તા. ડીસા), પ્રતાપજી ચતરાજી ઠાકોર (ઉબરી, કાકરેજ) અને કનુભાઈ નરશીભાઈ રાવળ (શિવનગર, નાની આખોલ, ડીસા)ને રંગેહાથ ઝડપી પાડયા હતાં. ડીસા તાલુકા પોલીસે ચારેય શખ્સોને ઝડપી પાડી રૂપિયા ૧૧,૪૦૦ રોકડા, મોબાઈલ તેમજ ૨ લાખની કિંમતની ઈકો ગાડી મળી કુલ રૂપિયા ૨,૧૨, ૪૦૦નો મુદામાલ જપ્ત કરી તપાસ હે.કો. કેવળભાઈ છત્રાલીયા ચલાવી રહ્યા છે.

### મનના ઉમંગો... ● ચોથા પાનાનું ચાલુ

‘કેમ બતાવું?’, ‘આવો છો ને ?’, ‘ચાલશે ?’, ‘ઈશ્વર છે કે પથરો છે એ ?’, ‘તો ?’, ‘ફુરસદ છે ને ?’, ’’ ‘ક્યાં સુધી ?’ ‘‘અને ‘યાદ છે ? ’ વગેરે ગઝલોમાં તમામ શેરમાં પ્રશ્નો છે. જે કાવ્યમાં એકાદબે સાદા શેર છે એની આમાં ગણતરી કરી નથી. આમ શ્રી કિશોરભાઈના ગઝલસંગ્રહમાં આવા પ્રશ્નો કરતી આખેઆખી ગઝલની સખ્યા સત્તર છે. એ તમામ ગઝલ બાદ કરીને બાકીની ગઝલના પ્રશ્નાર્થવાળા શેર એકઠાં કરીએ તો પણ ચાર પાના ભરાઈ જાય. એવું ના કરતાં હું તમને એક એવી ગઝલ સભળાવું, જે મને અનહદ ગમી છે. તમને પણ ગમી છે. ક્યારેક મોકો મળશે તો આ એક ગઝલની વિસ્તારથી વાત કરીશું. કવિશ્રી સુરેશ જોષીએ કવિનું વસિયતનામું નામનું એક અછાંદશ કાવ્ય રચ્યું છે, આવું કોઈ સોનેટ પણ રચાયું હશે. પણ ગઝલ તો કદાચ આ એક જ છે. ગઝલનું શિર્ષક છે ‘‘ફાવશે ?’’ કવિ પોતાની પત્નિ કે પ્રિયતમાને સીધું જ પૂછી લે છે કે કાલે સવારે હું નહીં હોઉં ત્યારે....

સાવ નોંખી રીતથી સંભારવાનું ફાવશે ?
બે મિનિટનું મૌન કાલે રાખવાનું ફાવશે ?
પાંપણો પાછળ સિફતથી વાદળાં રાખી શકો,
કાલથી વરસાદ ત્યાં સંતાડવાનું ફાવશે ?
અંતરાશો ટાંકણે આવી ચડે એવું બને,
નામ મારું એ પળે ઉચ્ચારવાનું ફાવશે ?
સાંકડી શેરી હશે ને ઓટલાનો ત્રાસ પણ,
વસ્ત્ર સંકોરી, સલામત ચાલવાનું ફાવશે ?
દ્રશ્ય મનગમતું મનોમન ધારવાનું હોય છે,
હાજરી મારી હવામાં ધારવાનું ફાવશે ?
આવશે ઊભા પગે ને બારણાં ખખડાવશે,
સ્વપ્ન રીઢું આંગણેથી ટાળવાનું ફાવશે ?
હું જ જાગીને ભભકતી જ્યોતને સંકોરતો,
કાલથી શગ એ રીતે સંકોરવાનું ફાવશે ?

### આત્મહત્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અભાવ વર્તાઈ રહ્યો છે. મહત્વકાંક્ષાને પરિપુર્ણ કરવાની લહાયમાં કવોલીટી ઓફ લાઈફનો અભિગમ નેવે મુકાયો છે. રાજયના પાટનગરમાં પણ અનેક એવા કિસ્સાઓ અને ઘટનાઓથી તંદુરસ્ત સમાજ જીવન સામે અનેક સવાલો મંડરાયા છે. શિક્ષિત શહેર તેમજ જિલ્લામાં પણ આત્મહત્યનુ વધુતુ પ્રમાણ પણ શિક્ષણવિદો સહીત સમાજના પ્રબુધ્ધ નાગરિકો માટે ચિંતાનો વિષય બન્યો છે. વિધાનસભા ગૃહમાં માણસાના ધારાસભ્યએ રજુ કરેલા પ્રશ્ન સંદર્ભે ગૃહ મંત્રીએ આપેલા જવાબ મુજબ વર્ષ ૨૦૧૮ માં ગાંધીનગર જિલ્લામાં ૨૦૨ નાગરિકોએ આત્મહત્યા કરી છે. જયારે ૩૪ વ્યકિતઓએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. વર્ષ ૨૦૧૯ માં જિલ્લામાં ૨૩૦ આત્મહત્યા કરી છે. જયારે ૧૯ વ્યકિતઓએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. ગાંધીનગર શહેરમાં છેલ્લા બે વર્ષમાં ૪૩૨ નાગરિકોએ આત્મહત્યા કરી હોવાનો આંકડો સ્પષ્ટ થયો છે. જયારે આ ઉપરાંત ૫૩ વ્યકિતઓએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જિલ્લામાં ૨૯ ગુન્હાઓ આ મામલે પોલીસ દફતરે નોંધાયા છે. આત્મહત્યાના વધતા બનાવો સમાજજીવન માટે લાલબત્તી સમાન છે. ત્યારે ભદ્ર સમાજે આ દીશામાં જાગૃત થવાની તાતિ અનિવાર્યતા છે. નાગરિકોમાં સહનશીલતાના અભાવ સાથે તણાવયુકત જીવનશૈલીના લીધે સમાજમાં વધતા આત્મહત્યાના બનાવો ઘેરી ચિંતાનો વિષય છે.

### રાજકીય કટોકટી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સુનાવણી દરમિયાન જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે કહ્યું હતું કે, જો ધારાસભ્યો સ્પીકર સામે રજુ થાય છે તો સ્પીકર રાજીનામા પર નિર્ણય કરી શકશે કે કેમ સ્પીકરના વકીલ અભિષેક મનુ સિઘવીએ કહ્યું હતું કે, અમે આ સંદર્ભમાં ગુરુવારના દિવસે રજુઆત કરશું. સુપ્રીમ કોર્ટમાં મધ્યપ્રદેશમાં ફ્લોર ટેસ્ટ તરત કરાવવાના રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણની અરજી પર જોરદાર દલીલો આજે કરવામાં આવી હતી. એક બાજુ રાજ્ય કોંગ્રેસ તરફથી દુશ્યંતે જોરદાર રજુઆતો કરી હતી. શિવરાજ તરફથી મુકુલ રોહતાગીએ રજુઆત કરી હતી. જુદા જુદા ધારાસભ્યો તરફથી જોરદાર રજુઆત થઈ હતી. આવતીકાલે પણ આ મામલામાં સુનાવણી આગળ વધશે. કમલનાથ સરકાર હાલમાં સકંટમાં દેખાઈ રહી છે.

### આતંક યથાવત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યારે ન્યૂયોર્કમાં ૧૨ અને કેલિફોર્નિયામાં ૧૧ લોકોના મોત થયા છે. અમેરિકામાં મંગળવારે રાતે કોરોના વાઈરસની અર્થવ્યવસ્થા પર અસર વિશે મીટિંગ થઈ હતી. નાણા મંત્રી સ્ટીવન નૂચિને રિપબ્લિકન સીનેટર્સને જણાવ્યું છે કે, ઈન્ફેક્શનની અસર આ રીતે વધતી જશે તો અમેરિકાની અર્થવ્યવસ્થાની સ્થિતિ ૨૦૦૮ની આર્થિક મંદી કરતા પણ વધારે ખરાબ થઈ શકે છે. નૂચિને ચેતવણી આપી છે કે કોરોનાના કારણે બેરોજગારી દર ૨૦ ટકા સુધી થઈ શકે છે.

### વૈષ્ણોદેવી યાત્રા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્રદ્ધાળુઓ સંકુલમાં પહોંચે છે. દેશભરના યાત્રીઓ અહીં પહોંચશે. આ બાબતને ધ્યાનમાં લઈને સાવચેતી રૂપે વૈષ્ણો દેવી યાત્રાને મોકુફ કરવામાં આવી છે. આ ઉપરાંત જમ્મુ કાશ્મીર સરકારે બીજા રાજ્યોમાંથી આવનાર તમામ બસ ઉપર પ્રતિબંધ મુકી દીધો છે. હજુ સુધી થર્મલ તપાસ બાદ યાત્રીઓને મોકલવામાં આવી રહ્યા હતા. માતા વૈષ્ણો દેવી મંદિર બોર્ડના અધિકારીઓએ કહ્યું છે કે, હાલમાં મંદિર સુધી ટ્રેક પર યાત્રા કરનાર તમામ શ્રદ્ધાળુઓની થર્મલ તપાસ થઈ રહી હતી. ત્યારબાદ બાણગંગા ચેકપોસ્ટથી આગળ મોકવવામાં આવી રહ્યા હતા. સાવચેતીરૂપે યાત્રા માર્ગ ઉપર મંદિર બોર્ડ તરફથી દવાખાનાની વ્યવસ્થા કરવામાં આવી છે. બીજી બાજુ કોરોનાના ધ્યાનમાં લઈને હિમાચલ પ્રદેશના ધર્મશાલા સ્થિત તિબેટી મંદિરને બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ધર્મગુરુ દલાઈ લામા ઓફિસ તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, સાવચેતીરૂપે નિર્ણય કરાયો છે. કોરોના વાયરસનો પ્રકોપ અને તેને રોકવા માટે સરકાર તરફથી જારી કરવામાં આવેલા નિયમ તેમજ કલમ ૧૪૪ને ધ્યાનમાં લઈને તિબેટી મંદિરને ૧૫મી એપ્રિલ સુધી બંધ કરવાના આદેશ જારી કરવામાં આવ્યા છે.

### મોટો પડકાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દેશભરમાં વધતા કોરોના વાયરસનાં કેર વચ્ચે ભારતીય સેનાનાં જવાનમાં પણ કોવિડ ૧૯ની પુષ્ટિ કરવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે, આ જવાને ઈરાનની યાત્રા કરી હતી. લદ્દાખ સ્કાઉટનાં જવાનમાં જ્યારે કોરોના વાયરસના લક્ષણ દેખાયા બાદ તેની મેડિકલ તપાસ કરવામાં આવી. આ જવાનને જે હૉસ્પિટલ મોકલવામાં આવ્યો છે ત્યાંજ તેમની બહેન અને પત્નીને પણ આઈસોલેટ કરી દીધા છે. દેશમાં કોરોના વાઈરસનું સંક્રમણ દિવસે દિવસેને વધી રહ્યું છે. ૪૮ કલાકમાં સંક્રમિતોની સંખ્યા ૯૯થી લઘીને ૧૫૩ થઈ ગઈ છે. બુધવારે પૂણેમાં વધુ એક દર્દીનો રિપોર્ટ સામે આવ્યો છે.

### કડડભુસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વાયરસના વધતા જતા કેસો અને ટેલિકોમ કંપનીઓ પર બાકી રકમને લઈને સુપ્રીમ કોર્ટના કઠોર વલણ બાદ તેની અસર જોવા મળી હતી. સેંસેક્સ ત્રણ વર્ષમાં પ્રથમ વખત ૨૯ હજારથી નીચે પહોંચી ગયો હતો. નેશનલ સ્ટોક એક્સચેન્જમાં ૪૨૫ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૮૫૪૨ રહી હતી. દિવસભર દરમિયાન સેંસેક્સ ૩૧૧૦૧ની ઉંચી અને ૨૮૬૧૩ની નીચે સપાટીએ રહ્યો હતો. બીજી બાજુ નિફ્ટીમાં ૯૧૨૭ની ઉચી અને ૮૪૦૭ની નીચે સપાટીએ રહ્યો હતો. બીએસઈમાં ૨૮ કંપનીઓના શેરમાં વેચવાલી રહી હતી. માત્ર બે શેરમાં તેજી રહી હતી. એનએસઈમાં કુલ ૪૪ કંપનીઓના શેરમાં અફડાતફડી રહી હતી. દેશમાં કોરોના વાયરસના લીધે કેસોની સંખ્યામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. સુપ્રીમ કોર્ટે બુધવારના દિવસે આજે થયેલી સુનાવણી દરમિયાન જોરદાર ફટકાર ટેલિકોમ કંપનીઓ અને દુરસંચાર વિભાગને લગાવી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, કોની મંજુરીથી ટેલિકોમ કંપનીઓ સેલ્ફ એસેસમેન્ટ કરી રહી છે. કોર્ટે આને લઈને કોર્ટની અવગણના કરી હતી. કોર્ટની આ ટિપ્પણી બાદ બેકિંગ તથા ટેલિકોમ કંપનીના શેરમાં મોટો ઘટાડો રહ્યો હતો. વૈશ્વિક બજારોમાં પણ ઘટાડાનો દોર જારી રહ્યો છે. બીએસઈમાં આજે માત્ર બે શેરમાં તેજી રહી હતી જેમાં ઓએનજીસી અને આઈટીસીનો સમાવેશ થાય છે. ઓએનજીસીના શેરમાં સૌથી વધુ ૯.૮૩ ટકા તથા આઈટીસીના શેરમાં તેજી નોંધાઈ હતી. એનએસઈમાં ઝી લિમિટેડ શેરમાં સૌથી વધુ ૨૬.૨૨ ટકા, યશ બેંક ૪.૧૮ ટકા, આઈટીસીમાં ૧.૫૪ ટકા અને ટીસીએસના શેરમાં ૦.૪૨ ટકાનો ઉછાળો રહ્યો હતો. શેરબજારમાં હાલમાં કોઈ સ્થિતી નહીં સુધરે તેવી શક્યતા છે. વેચવાલી જારી રહી શકે છે. વિદેશી મુડીરોકાણકારોએ માર્ચ મહિનામાં ભારતીય બજારમાંથી નેટ આધાર પર ૩૭૯૭૬ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે. કોરોના વાયરસના કારણે વૈશ્વિક મંદી આવશે તેવા હેવાલ વચ્ચે વિદેશી મુડીરોકાણકારોએ જંગી નાણાં પાછા ખેંચી લીધા છે. બીજી માર્ચથી ૧૩મી માર્ચ વચ્ચેના ગાળામાં વિદેશી રોકાણકારોએ ઈક્વિટીમાંથી ૨૪૭૭૬.૩૬ કરોડની રકમ પાછી ખેંચી લીધી છે.